# ભાવનગર મહાનગરપાલિકા

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર

"ભાવનગર મહાનગરપાલિકા ખાતેના ઈ-વેસ્ટના નિકાલ કરવા માટે પ્રપોઝલ/ભાવો મંગાવવા બાબત(બીજો પ્રયત્ન)"

**TENDER NO: BMC/COMPUTER/08.1/2024-25**

કોમ્પ્યુટર વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર, ગુજરાત

ઓક્ટોબર-૨૦૨૪

## <u>સેકશન-૧ :- ટેન્ડર નોટીસ</u>

1.1 ભાવનગર મહાનગરપાલિકા ખાતે રહેલ ઈ-વેસ્ટનો નિકાલ કરવા માટે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) ખાતે ઈ-વેસ્ટ રી-સાયકલ/રી-પ્રોસેસર તરીકે નોંધાયેલ હોય તેવી રસ ધરાવતી એજન્સીઓ/ વ્યક્તિઓ પાસેથી ૨ બીડ પદ્ધતિ(ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ)થી ફીઝીકલ(ઓફલાઈન) ભાવો મંગાવવામાં આવે છે.

1.2 જાહેર નિવિદા ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઇટ https://bmcgujarat.com/Tenders.aspx પરથી ડાઉનલોડ કરી શકાશે.

1.3 **ટેન્ડરની અગત્યની વિગતો તથા સમયપત્રક :**

| | |
|---|---|
| ટેન્ડર પ્રસિદ્ધીની તારીખ | તા.30/10/2024, 12:00 કલાકે |
| ફીઝીકલ ટેન્ડર સીલબંધ કવરમાં પહોંચાડવાની તારીખ અને સમય | ટેન્ડર પ્રસિદ્ધીની તારીખ થી તા.29/11/2024, 18:00–સુધી |
| ટેક્નીકલ બીડ ખોલવાની તારીખ અને સમય | તા.02/12/2024 (અંદાજીત)<br>નોધ: જો ઉપરોક્ત તારીખમાં કોઈ ફેરફાર થશે, તો BMC દ્વારા તમામ બીડરને ઈ-મેઈલ/ટેલીફોનિક દ્વારા તેની જાણ કરવામાં આવશે. |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય | ટેકનિકલ બીડમાં માન્ય ઠરેલ એજન્સીઓને ઈ-મેઈલથી જાણ કરવામાં આવશે |
| ટેન્ડરની રીત | ૨ બીડ પદ્ધતિ (ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ) |
| ટેન્ડર ફી (નોન રિફંડેબલ) | રૂ.૧૫૦૦/- (અંકે રૂપીયા પંદર સો પુરા) |
| ઈ.એમ.ડી. (રિફંડેબલ) | રૂ.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) |
| બીડ વેલીડીટી પીરીયડ | ૧૨૦ દિવસ |
| ઈ-વેસ્ટ નીરીક્ષણ માટેની તારીખ અને સમય | તા.30/10/2024 થી તા.25/11/2024 (૧૧:૦૦ થી ૧૪:૦૦) સુધી |
| ઈ-વેસ્ટ નીરીક્ષણ કરવા માટેનાં કોન્ટેક્ટ પર્સનનું નામ અને સંપર્ક નંબર | શ્રી રાજુભાઈ ઝેડ. મોઢવાડીયા<br>મો. નં. :- ૯૯૭૯૩૬૨૩૪૧ |

## <u>સેકશન-૨ : ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ</u>

2.1 એજન્સી/બીડરે પુરા પાડવાના થતા મહત્વના ડોક્યુમેન્ટસ હાર્ડ કોપી સીલબંધ કવરમાં તા.૨૯/૧૧/૨૦૨૪, ૧૮:૦૦ કલાક સુધીમાં ફીઝીકલી રીતે પહોંચાડવાના રહેશે.

| ક્રમ નં. | ડોક્યુમેન્ટસની યાદી |
|---|---|
| ૧ | ઈ.એમ.ડી.(EMD) પેટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો **રૂા.૫,૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા)**નો ડીમાન્ડ ડ્રાફ્ટ "કમિશનર, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન"ના નામે રજૂ કરવાનો રહેશે. |
| ૨ | ટેન્ડર ફી પેટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો **રૂા.૧૫૦૦/-(અંકે રૂપીયા પંદર સો પુરા)**નો ડીમાન્ડ ડ્રાફ્ટ "કમિશનર, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન"ના નામે રજૂ કરવાનો રહેશે. |
| 3 | Gujarat Pollution Control Board નું નોંધણી પ્રમાણપત્ર<br>નોંધ : આ બીડ સબમીટ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછા ૬ મહિના સુધી GPCBમાં નોંધણી માન્ય હોવી આવશ્યક છે. |
| ૪ | પાન કાર્ડ |
| ૫ | GST સર્ટીફીકેટ |
| ૬ | છેલ્લા બે ફાઇનાન્સિલ વર્ષનાં ઈન્કમ ટેક્ષ રીટર્ન એકનોલેજમેન્ટ<br>(નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪) |
| ૭ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખે કોઈપણ સરકારી કચેરી, અર્ધ-સરકારી કચેરી કે જાહેર બોર્ડ-નિગમ દ્વારા બ્લેક લિસ્ટ(કાળીયાદી)માં ન હોવાનું સોગંદનામું (રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ એફીડેવીડ અસલમાં) રજુ કરવાનું રહેશે. |
| ૮ | બીડરની/એજન્સીની વિગત એનેક્ષર-૨ પ્રમાણે |
| ૯ | આ ટેન્ડર ડોક્યુમેન્ટના દરેક પેજ પર સહી-સિક્કા કરી સબમીટ કરવાનું રહેશે. |

એજન્સી/બીડરે દરેક ડોક્યુમેન્ટસ સ્વ-પ્રમાણીત કરેલા હોવા જોઇએ.

 [Signature of Bidder with Seal]

**2.2 ટેન્ડર ડોક્યુમેન્ટસ તથા ભાવો રજૂ કરવારી રીત**

2.2.1 **કવર નં.૧ (ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.) :**

કવર નં.૧ માં ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.(EMD)નાં બે અલગ ડી.ડી. મુકી કવર સીલ કરી આ કવર ઉપર મોટા અક્ષરે "**ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.**" લખી બીડરનું નામ, ટેન્ડર નંબર વગેરેની વિગતો દર્શાવવાની રહેશે

2.2.2 **કવર નં.૨ (ટેકનીકલ બીડ) :**

કવર નં.૨ માં ટેન્ડર ડોક્યુમેન્ટના સેકસન-૨ ના મુદા નં. ૨.૧ ના <u>ક્રમ નં. ૩ થી ૯ માં</u> દર્શાવેલ ડોક્યુમેન્ટસની ફીઝીકલ કોપી મુકી કવર સીલ કરી આ કવર ઉપર મોટા અક્ષરે "**ટેકનીકલ બીડ**" લખી બીડરનું નામ, ટેન્ડર નંબર વગેરેની વિગતો દર્શાવવાની રહેશે.

2.2.3 **કવર નં.3 (પ્રાઈઝ બીડ) :**

એનેક્ષર-૧ મુજબનાં ફોર્મેટમાં પ્રાઈઝ બીડ ભરી અલગ કવર નં.3માં મુકી આ કવર સીલ કરી કવર ઉપર મોટા અક્ષરે "**પ્રાઈઝ બીડ**" લખી બીડરનું નામ, ટેન્ડર નંબર વગેરેની વિગતો દર્શાવવાની રહેશે.

2.2.4 **મુખ્ય ટેન્ડર કવર :**

ઉપરોક્ત ટેન્ડર ફી & ઈ.એમ.ડી., ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ ધરાવતા કવરો અનુક્રમે કવર નં.૧, ૨ અને ૩ ને એક મોટા કવરમાં મુકી આ મુખ્ય કવર સીલ કરી તેની ઉપર " **ટેન્ડર નંબર, ટેન્ડરનું નામ**" લખી બીડરની વિગતો(બીડરનું નામ, સરનામું, મોબાઇલ નંબર, ઈમેઇલ એડ્રેસ) ફરજીયાત દર્શાવી આ કવર "**ઈ.ડી.પી. મેનેજરશ્રી, કોમ્પ્યુટર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા, સર. મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર-૩૬૪૦૦૧**" સરનામે સેકશન-૧ માં દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી પહોચાડવાનું રહેશે.

2.2.5 નિયત તારીખ અને સમય પછી મળેલ બીડ ધ્યાનમાં લેવામાં આવશે નહીં તથા રીજેક્ટ ગણવામાં આવશે.

2.2.6 ભાવનગર મહાનગરપાલિકાને મળેલ બીડ કે જેના કવર પર કામ સંબંધિત સ્પષ્ટ માહિતી લખવામાં આવેલ ન હોવાને કારણે જો કવર શરતચૂકથી ખોલી નાખવામાં આવે તો આવી બીડ રદ થયેલું ગણવામાં આવશે.

2.2.7 ટેક્નીકલ બીડમાં ભાવોનો ઉલ્લેખ કરવાંમાં આવેલ હશે તો આવી બીડ રદ ગણાશે.

## સેકશન-3 : ટેન્ડરની અન્ય શરતો અને વિગતો

**3.1** બીડ બિન-તબદીલીપાત્ર છે તથા પસંદ થયેલ બીડર અન્ય કોઈ એજન્સીને આ કામગીરી સોંપી શકશે નહિ.

**3.2** પસંદ થયેલ બીડરે ઈ-વેસ્ટ વસ્તુઓ જયાં અને જે સ્થિતિમાં છે ત્યાંથી એકત્ર કરીને તેની મહાનગરપાલિકાનાં અધિકૃત કર્મચારીની હાજરીમાં ગણતરી કરવાની રહેશે. પસંદ થયેલ બીડરને જ્યાં ઈ-વેસ્ટ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે ત્યાં આગળ કોઈપણ ઈ-વેસ્ટ આઈટમને ખોલવાની કે સાફ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

**3.3** તમામ બીડરોએ પ્રાઈઝ બીડ મુજબની તમામ આઈટમોના ભાવ ફરજીયાત ભરવાના રહેશે. જો એક પણ આઈટમના ભાવ ભરેલ નહિ હોય, તો એજન્સીની બીડને રદ ગણવામાં આવશે.

**3.4** આ કામ સાથે સંકળાયેલ હોય તેવા લાગુ પડતા તમામ કરવેરા, ચાર્જીસ ભરવાની જવાબદારી પસંદ થયેલ બીડરની રહેશે. આ કામ માટે કોઈપણ પ્રકારનો વેરો, ચાર્જ ભરવા માટે ભાવનગર મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.

**3.5** ઈ-વેસ્ટનાં લોડિંગ, અનલોડિંગ, ટ્રાન્સપોર્ટેશન, મજુરી, રોડ પરમીટ વગેરે જેવા સઘળાં ખર્ચ સફળ બીડરે ભોગવવાનાં રહેશે.

**3.6** એજન્સીએ ભાવનગર મહાનગરપાલિકા ખાતેથી ઈ-વેસ્ટ કલેક્ટ કરી સરકારશ્રીનાં અમલમાં હોય તેવા નિયમો-માર્ગદર્શિકા અનુસાર તેનો નિકાલ કરવાનો રહેશે.

**3.7** **ઈ.એમ.ડી.(EMD) પરત કરવા અંગે :**

3.7.1 સફળ બીડરે મહાનગરપાલિકા પાસેથી તમામ ઈ-વેસ્ટ એકત્રિત કર્યા તારીખથી વધારાના ૧ મહીનાના સમય માટે સિક્યુરિટી ડીપોઝીટ તરીકે જમા રાખવામાં આવશે અને ત્યાર બાદ ઈ.એમ.ડી. વ્યાજ વગર પરત કરવામાં આવશે.

3.7.2 અસફળ બીડરોને ટેન્ડરીંગ પ્રક્રીયા પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ઈ.એમ.ડી વ્યાજ વગર પરત કરવામાં આવશે.

**3.8** **નીચેના કિસ્સાઓમાં ઈ.એમ.ડી.(EMD) જપ્ત કરવામાં આવશે.**

3.8.1 જો બીડ વેલીડીટીના સમયગાળા દરમિયાન બીડર દ્વારા બીડ પરત ખેંચવામાં આવે તો.

3.8.2 જો બીડર દ્વારા છેતરપિંડી આચરવામાં સામેલ હોવાનું જણાય

3.8.3 બીડમાં ખોટી માહીતી – ડોક્યુમેન્ટ્સ રજૂ કરેલ હશે તો.

3.8.4 જો સફળ બીડર(H1) કામ આપ્યા તારીખથી ૪૫ દિવસમાં ઈ-વેસ્ટ એકત્રીત નહીં કરે તો.

3.8.5 પસંદ થયેલ બીડર Letter of Intent(LOI)ની તારીખથી 30 દિવસની અંદર એગ્રીમેન્ટ કરવામાં અસફળ રહે તો.

 [Signature of Bidder with Seal]

**3.9 બીડ મુલ્યાંકન(Evaluation) :**

3.9.1 સૌ પ્રથમ કવર નં.૧ ખોલવામાં આવશે.
જો નિયત કરેલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ના ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરેલ નહિં હોય તો બીડ રદ ગણવામાં આવશે.

3.9.2 ત્યારબાદ કવર નં.૨(ટેકનીકલ બીડ) ખોલી આવેલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવામાં આવશે. જો ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કોઈ વિગતો-ડોક્યુમેન્ટસની પૂર્તતા કરવા જણાવવામાં આવે તો નિયત સમયમાં બીડરે તેની પૂર્તતા કરવાની રહેશે.

3.9.3 ટેકનીકલ બીડમાં પાત્ર ઠરેલ(કવોલીફાઈડ) બીડરોનાં કવર નં.૩(પ્રાઈઝ બીડ) ખોલવામાં આવશે અને તમામ આઈટમોના ભરેલ ભાવનાં ટોટલને આધારે સૌથી વધુ ભાવ ભરનાર બીડર(**H1**)ને કામ આપવા વિચારણા કરવામાં આવશે.

**3.10** એજન્સી દ્વારા સબમિટ કરેલ પ્રાઈસ બીડ, બીડ સબમીટ કરવાની છેલ્લી તારીખથી ૧૨૦ દિવસના સમયગાળા માટે માન્ય રહેશે.

**3.11** પસંદ થયેલ બીડરે Letter of Intent(LOI)ની તારીખથી 30 દિવસની અંદર એગ્રીમેન્ટ કરવાનુ રહેશે તથા એગ્રીમેન્ટને લગત તમામ ખર્ચ પસંદ થયેલ બીડરે ઉઠાવવાનો રહેશે.

**3.12** પસંદ થયેલ બીડરે Letter of Intent(LOI)ની તારીખથી 30 દિવસની અંદર ભાવનગર મહાનગરપાલિકા પાસેથી તમામ ઈ-વેસ્ટ એકત્રિત કરવાનો રહેશે. 30 દિવસની મુદ્દત બાદ વિલંબના દરેક દિવસ માટે રૂા.૨૦૦(અંકે રૂપીયા બસો પુરા)ની પેનલ્ટી લાગુ પડશે. જો બીડર પેનલ્ટી રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો આ રકમની વસૂલાત ઈ.એમ.ડી. માંથી કરવામાં આવશે.

**3.13** જો H1 બીડર દ્વારા LOIની તારીખથી ૪૫ દિવસમાં ઈ-વેસ્ટ એકત્રીત કરવામાં નહીં કરે તો બીજા સૌથી વધુ ભાવ ભરનાર(H2) ને કામ આપવામાં આવેશે. આવા કિસ્સામાં બીડર H1ની ઈ.એમ.ડી. જપ્ત કરવા ઉપરાંત બીડરને ૩(ત્રણ) વર્ષ માટે કાળીયાદીમાં મુકવામાં આવશે.

**3.14** એનેક્ષર-૧ માં દર્શાવેલ ઈ-વેસ્ટ આઈટમોનો જથ્થો અંદાજિત છે. પસંદ થયેલ બીડરે મહાનગરપાલિકા ખાતેથી ઈ-વેસ્ટ કલેક્શન દરમિયાન દરેક વસ્તુની વાસ્તવિક ગણતરી મુજબ થતી ખરેખર રકમની ચુકવણી ડી.ડી. અથવા રોકડામાં કરવાની રહેશે ત્યારબાદ જ એજન્સીને ઈ-વેસ્ટ સુપ્રત કરવામાં આવશે.

**3.15** કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા કોઈપણ કારણ આપ્યા વિના તમામ/કોઈપણ ઓફરને નકારી કાઢવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

**3.16 બીડમાં ફેરફાર અને બીડ પાછી ખેચવા અંગે**

3.16.1 બીડ સબમીશનની છેલ્લી તારીખ પછી બીડમાં કોઈપણ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં

 [Signature of Bidder with Seal]

3.16.2 બીડ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને બીડની વેલીડીટીની સમાપ્તિ વચ્ચેના સમયમાં કોઈપણ બીડને પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ બીડ દરમિયાન બીડ પાછી ખેંચવાથી બીડરની ઈ.એમ.ડી જપ્ત કરવામાં આવશે.

**3.17** કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન બીડર અને મહાનગરપાલિકા વચ્ચે ઉદભવતા કોઈ પણ વિવાદમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અતિંમ ગણવાનો રહેશે.

**3.18** કોન્ટ્રાકટની કામગીરી દરમ્યાન બીડરની કોઈપણ વ્યક્તિ કે કામદારને હાનિ કે ઈજા થવાના કિસ્સામાં અથવા ત્રીજા પક્ષને થયેલ કોઈ પણ નુકશાનના કિસ્સામાં દાવા અથવા કાનુની દંડની જવાબદારી ફક્ત બીડરની રહેશે, ભાવનગર મહાનગરપાલિકા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહી.

**ANNEXURE-1**

## PRICE BID

(To be submitted on Agency/Firm's Letter head)

| Sr. No. | Item | Estimated Qty. Available at BMC | Offered Unit Rate | Total Amount |
|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) = (C*D) |
| 1 | CRT MONITOR | 5 | | |
| 2 | LCD/LED MONITOR | 27 | | |
| 3 | CPU | 34 | | |
| 4 | A4 SIZE PRINTER | 23 | | |
| 5 | DOT MATRIX PRINTER | 2 | | |
| 6 | LINE MATRIX PRINTER | 1 | | |
| 7 | SCANNER | 1 | | |
| 8 | PROJECTOR | 2 | | |
| 9 | PRINTER CARTRIDGE/TONNER | 273 | | |
| 10 | KEY BOARD | 52 | | |
| 11 | MOUSE | 38 | | |
| 12 | Power cable/UTP cable/VGA Cable/ Other Cables | 2 | | |
| 13 | PRINTER DRUM | 105 | | |
| 14 | RACK | 1 | | |
| 15 | ROUTER | 2 | | |
| 16 | FACE MACHINE | 6 | | |
| 17 | RICOH 2000 PRINTER | 1 | | |



[Signature of Bidder with Seal]

| Sr. No. | Item | Estimated Qty. Available at BMC | Offered Unit Rate | Total Amount |
|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) = (C*D) |
| 18 | MEDIA CONVERTER | 1 | | |
| 19 | TABLET | 259 | | |
| 20 | TABLET CHARGER | 189 | | |
| 21 | SOLAR CHARGER | 14 | | |
| 22 | POWER BANK | 259 | | |
| 23 | Laptop Acer | 1 | | |
| 24 | Multifunction Printer(A3-jumbo) | 3 | | |
| **Total Amount** | | | | |

<u>**ખાસ નોંધ:**</u>

1. ભાવ ફક્ત ભારતીય રૂપિયામાં જ ભરવાનો રહેશે.
2. બીડરે દરેક સિંગલ યુનિટના ભાવ લખવા ફરજીયાત છે.
3. બીડરે સીલબંધ કવરમાં પ્રાઈઝ બીડ મુજબ ભાવ ક્વોટ કરી અધિકૃત વ્યક્તિના સહી સિક્કા સાથે એજન્સીના લેટર હેડ પર રજુ કરવાના રહેશે.
4. બીડરે ઉપર પ્રાઈઝ બીડમાં દર્શાવેલ દરેક વસ્તુના ભાવ ભરવા ફરજીયાત છે. જો બીડર દ્વારા ઉપર દર્શાવેલ દરેક વસ્તુના ભાવ ભરવામાં નહિ આવે તો એજન્સીનું ટેન્ડર રદ કરવામાં આવશે.
5. આ કામગીરીમાં લાગુ પડતા તમામ વેરા પસંદ થયેલ બીડરે ભરવાના રહેશે.
6. યુનિટ પ્રાઈઝ અને ટોટલ એમાઉન્ટમાં ડીફરન્સ માલુમ જણાયે જેમાં વધુ કિંમત થતી હશે, તે ભાવ ધ્યાને લેવામાં આવશે.



[Signature of Bidder with Seal]

## એનેક્ષર-૨

## એજન્સી/બીડરની વિગતો

## (એજન્સીના લેટરહેડ ઉપર)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સી/બીડરનું નામ | |
| ૨ | અધિકૃત વ્યક્તિનું નામ | |
| ૩ | ઓફિસ એડ્રેસ | |
| ૪ | ઓફિસ ફોન નંબર<br>મોબાઇલ નંબર | |
| ૫ | ઈ-મેઇલ આઈ.ડી | |
| ૬ | GST પ્રમાણપત્ર નં.<br>PAN કાર્ડ નંબર<br>સર્વિસ ટેક્સ નંબર | |
| ૭ | કોન્ટેક્ટ પર્સનનું નામ<br>હોદ્દો<br>મોબાઇલ નંબર<br>ઈ-મેઇલ આઇ. ડી. | |

 [Signature of Bidder with Seal]